# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યની 761 સમરસ ગ્રામ પંચાયતોને 35 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવી
2. ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા માટે વ્યક્તિ દીઠ માસિક ફાળવણી ચાર રૂપિયાથી બમણી કરીને આઠ રૂપિયા કરાઈ
3. રાજ્યની મહિલા દૂધ મંડળીઓની સંખ્યામાં 21%નો વધારો, આવક નવ હજાર કરોડ રૂપિયાને પાર
4. રાજ્યની સ્વસ્થ પંચાયત તરીકે ગીર સોમનાથ જિલ્લાના નાખડા ગામની પસંદગી કરાઈ
5. રાજ્યભરમાં 173 તાલુકામાં સાર્વત્રિક વરસાદ - આજથી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SAMRAS GRAM PANCHAYAT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના દરેક ગામ વચ્ચે સફાઈ અને સ્વચ્છતાની હરીફાઈ થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ સર્જવા આહવાન કર્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીએ નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને જણાવ્યું કે, 'આપણું ગામ આપણું ગૌરવ'ના મંત્ર સાથે સૌએ ગામના વિકાસ કામોના સ્તંભ બનવાનું છે.

મુખ્યમંત્રીએ સફાઇ માટે ગામોની થતી ફાળવણીમાં વધારો કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરીઃ

(BYTE - CM PATEL)

મુખ્યમંત્રીએ 761 સમરસ ગ્રામપંચાયતોને 35 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ગ્રાન્ટ ડીબીટી દ્વારા ફાળવી હતી.

કેન્દ્ર જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે ગામમાં સ્વચ્છતા, જલ જીવન મિશન અને જળસંચય અભિયાનને વેગ આપવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે 'કેચ ધ રેઇન' અભિયાનને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો.

(BYTE - C R PATIL)

આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં સમરસ થયેલી ગ્રામ પંચાયતોના સરપંચો અને વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી ગ્રામ પંચાયતોના સરપંચોને મહાનુભવોના હસ્તે પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . .

# WOMEN MILK CO OPERATIVE

આવતી કાલે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ છે, ત્યારે તેની પૂર્વસંધ્યાએ રાજ્ય સરકારે આજે સહકારી ડેરી ક્ષેત્રમાં મહિલાઓની વધતી ભાગીદારી અંગેનાં પ્રેરણાદાયી આંકડા રજૂ કર્યા છે.

સાંભળીએ એક અહેવાલઃ

(VOICE CAST ANIL PATEL MILK CO OPERATIVE)

2020માં મહિલાઓ દ્વારા સંચાલિત દૂધ સહકારી મંડળીઓની સંખ્યા ત્રણ હજાર 764 હતી, જે 2025માં 21 ટકા વધીને 4 હજાર 562 થઈ છે. આ મંડળીઓની વાર્ષિક આવક પણ 43 ટકા વધીને નવ હજાર કરોડ રૂપિયાને પાર થઈ છે.

રાજ્યનાં 36 લાખ દૂધ ઉત્પાદક સભ્યોમાંથી 32 ટકા એટલે કે 12 લાખ મહિલાઓ છે. ગુજરાત કોઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GCMMF) દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર રાજ્યમાં મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓ દ્વારા દૂધની ખરીદી  2020માં 41 લાખ લિટર પ્રતિ દિવસથી 39% વધીને 2025માં 57 લાખ લિટર પ્રતિ દિવસ થઈ છે.

અનિલ પટેલ, આકાશવાણી અમદાવાદ)

. . . . . . . . . . .

# NAKHDA SWASTHA PANCHAYAT

રાજ્યની સ્વસ્થ પંચાયત તરીકે ગીર સોમનાથ જિલ્લાના નાખડા ગામની પસંદગી કરાઈ છે. આ ગામને રાજ્ય સરકાર તરફથી અપાતી આરોગ્ય સુવિધાઓ અને આરોગ્ય યોજનાઓનો બહોળા પ્રમાણમાં લાભ મળી રહ્યો છે. નાખડા ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા નિયમિતપણે હેલ્થ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

અહીં જરૂરિયાતમંદોનું મફત પરીક્ષણ અને ઉપચાર કરવામાં આવે છે. મહિલા અને બાળકોની આરોગ્ય-સંભાળ ક્ષેત્રે પણ નાવડા ઉત્કૃષ્ટ કામ કરી રહ્યું છે. ગામમાં ગર્ભવતી મહિલા કે નવજાત શિશુ રસીકરણથી વંચિત ન રહે તેની પૂરતી કાળજી લેવામાં આવે છે.

આ અંગે નાખડા ગામના સરપંચ વિજયભાઈ સોલંકીએ વધુ માહિતી આપી.

(BYTE - VIJAY SOLANKI, SARPANCH, NAKHDA)

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RAIN STATE

રાજ્યભરમાં આજે સાર્વત્રિક વરસાદના અહેવાલ છે. આજે સવારે છ થી સાંજનાં છ વાગ્યા સુધીમાં રાજ્યભરમાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. રાજ્યના 173 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ સુરત જિલ્લાના પલસાણા અને સુરેન્દ્રનગરના લખતર તાલુકામાં નોંધાયો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, આજે  જિલ્લામાં સતત બીજા દિવસે ધોધમાર સાર્વત્રિક વરસાદ પડ્યો છે. બપોર પછી વાતાવરણ બદલાયું હતું અને ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. વઢવાણ અને સાયલા તાલુકામાં અઢીથી પોણા ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે, છેલ્લાં એક પખવાડિયાથી ડેમના ઉપરવાસમાંથી પાણી આવતા ડેમની સપાટી છ ફૂટ વધી છે. હાલ ડેમની સપાટી 320.41 ફૂટ પર પહોંચી છે.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધી કરણ જોષી જણાવે છે કે, દ્વારકા જિલ્લાના દરિયા કાંઠાના ગામોમાં વરસાદ પડી રહ્યો છે. ખંભાળિયાના સલાયા ગામે ધોધમાર વરસાદથી મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા છે.

કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, જિલ્લા મથક ભુજ તેમજ માનકુવા, સુખપર, મીરજાપર, વડજર, માધાપર સહિતનાં વિસ્તારમાં વરસાદનાં અહેવાલ છે. ..2..

..2..

મુન્દ્રા, અબડાસા, રાપર અને નખત્રાણા તાલુકાના ગ્રામ્ય પંથકોમાં વરસાદથી ખેડૂતોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે.

બોટાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે કે, બોટાદ સહિત બરવાળા શહેરના તમામ વિસ્તારોમાં વરસાદ પડ્યો છે.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, ગાજ વીજ સાથે વરસાદને પગલે શહેરના વિવિધ માર્ગો ઉપર પાણી ભરાઇ ગયા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વરસાદથી અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રી સાથે ટેલિફોન પર વાત કરી હતી. શ્રી શાહે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે પણ વાત કરીને કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી.

. . . . . . . . . . .

# WEATHER PREDICTION

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય થતા આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

આજે બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ, દ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડ, ડાંગ, સુરતમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે અને મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, ગીર સોમનાથ, ભાવનગરમાં આજે ભારે વરસાદની આગાહી સાથે યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપીઃ

(BYTE - RAMASHRAY YADAV)

. . . . . . . . . . .

# BRTS SENIOR CITIZEN

અમદાવાદમાં બીઆરટીએસમાં મુસાફરી કરનારા 65 વર્ષથી ઉપરના લોકો માટે મફત પાસની સુવિધા આપવામાં આવશે. અગાઉ 75 વર્ષથી ઉપરની વયના મુસાફરો માટે મફત પાસની સુવિધા હતી. આ ઉપરાંત, દિવ્યાંગોને 40 ટકા કન્સેન્શન આપવામાં આવતું હતું. જેની જગ્યાએ હવે મફત મુસાફરીનો પાસ કાઢી આપવામાં આવશે.

બીઆરટીએસમાં પાસ કઢાવવા માટે મુસાફરોનાં ધસારાને ધ્યાનમાં રાખીને ઝાંસીની રાણી અને સોનીની ચાલી એમ બે સ્ટેશન પર સુવિધા શરૂ કરવામાં આવી છે. લોકો ઓનલાઈન પણ ફોર્મ ભરીને પાસ મેળવી શકાશે. QR કોડ સ્કેન કરીને ઓનલાઇન ફોર્મ ભરીને પણ પાસ મેળવી શકાશે.

. . . . . . . . . . .

# Price Deficiency Payment

રાજ્યના ડુંગળી ઉત્પાદન કરતા ખેડુતો માર્કેટ ઇન્ટરવેન્શન સ્કીમ હેઠળ Price Deficiency Payment યોજના અંતર્ગત સહાય મેળવી શકે છે.

ગોધરા જીલ્લાના અમારા પ્રતિનધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, આ યોજના અંતર્ગત સહાય મેળવવા માંગતા પંચમહાલ જિલ્લાના ખેડૂતોએ પોતાના ખેતરમાંથી ઉત્પાદીત ડુંગળીનું તારીખ પહેલી એપ્રિલ ૨૦૨૫ થી ૩૧મે ૨૦૨૫ના સમયગાળામાં એ.પી.એમ.સીમાં સીધુ વેચાણ કર્યું હોય તેમને ખેડુત દીઠ ૨૫૦ ક્વિન્ટલની મર્યાદામાં પ્રતિ ક્વિન્ટલ રૂ.૨૦૦/-ની સહાય આપવામાં આવશે.

આ યોજના હેઠળ સહાય મેળવવા માંગતા ખેડૂતોએ તારીખ ૧૫ જુલાઇ ૨૦૨૫ સુધીમાં આઇ-ખેડૂત 2.0 ikhedut.gujarat.gov.in પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આ યોજનાની વધુ વિગત માટે ફોન નંબર ૦૨૬૭૨-૨૪૦૦૩૯ ઉપર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક, પંચમહાલ દ્વારા એક યાદીમાં જણાવાયુ છે.

. . . . . . . . . . .

# Smruddh Gujrat Padarshan

અમદાવાદમાં સરદાર પટેલ સેવા સમાજ ખાતે તારીખ 3 થી 5 જુલાઇ દરમિયાન સમૃદ્ધ ગુજરાત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યની અને રાજ્ય બહારની વિવિધ સંસ્થાઓ અને સ્થાનિક ઉત્પાદનોના સ્ટોલમાં ખાદી, શણ અને વાંસની બનાવટો, બાગાયતી

ઉત્પાદનો, બાયો પ્રોડક્ટ્સ, પરંપરાગત બીજ બૅન્ક અને વિવિધ ઓર્ગેનીક ધાનમાંથી બનાવેલ વસ્તુઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

. . . . . . . . . . .